






## અરવલ્લી જિલ્લામાં નાતાલ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી

હિન્દૂ ધર્મમાં જેમ દિવાળી પર્વનું મહત્વ રહેલું છે એ રીતે ખ્રિસ્તી ધર્મમાં નાતાલનો અનેકગણો મહિમા રહેલો હોવાથી અને ઈશુની જન્મજયંતિ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી એક બીજાને શુભેચ્છા પાઠવી હતી. મોડાસા અને શામળાજી નજીક આવેલા લૂસડિયા ગામની ચર્ચમાં સમૂહ પ્રાર્થના યોજાઈ હતી. મોડાસા શહેર અરવલ્લી જિલ્લામાં રહેતા ખ્રિસ્તી સમાજના લોકો દ્વારા હર્ષોલ્લાસ અને ઉત્સાહ પૂર્વક નાતાલ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં આવેલી ચર્ચોમાં રાત્રીના બાર કલાકે ભગવાન ઈશુના જન્મ ની ફટાકડા ફોડી ઉજવણી કરવાની સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા અને સામુહિક પ્રાર્થના યોજી એકબીજાને નાતાલ પર્વની શુભેચ્છા પાઠવી હતી નાતાલ પર્વમાં શાન્તા ક્લોઝ દ્વારા બાળકો ને વિવિધ ચોકલેટ અને ગિફ્ટ આપવામાં આવતા બાળકોમાં આનંદ છવાયો હતો. જિલ્લાની વિવિધ ખાનગી શાળાઓમાં પણ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી




## ખેડબ્રહ્મા તાલુકા આર.ડી. એકતા ઇન્સ્ટટયૂટ કોલેજમાં ભોજન મામલે રેલી

ખેડબ્રહ્મા અંબાજીહાઈવે પર આવેલ આર. ડેકતા ઈન્સ્ટીટયુટમાં જમવા રહેવાની તેમજ પીવાના પાણીની વ્યવસ્થા અને અપૂરતા શીક્ષકો સમસ્યાતેમજ હલકીગુણવતાનું ભોજન આપતા બાળકો મારફતે સરધસ કાઢવા અને રજુઆત કરવામાં આવી હતી સંચાલકોને વારંવાર રજૂઆત કરવા છતા પણ કોઈ અસરકારક પગલા ન લેવાતા છાત્રો મારફતે હોબાળો મચાવ્યો હતો. જ્યારે ગુજરાતના ખુણે ખુણેથી અહી બાળકો ભણતા તેમના માટે સરકાર દ્વારા પગલા ભરવા માંગ કરી રહ્યા છે ઊંચી અને તઘડી ફી આપીને ભણતા બાળકોને હવે સરકાર તરફથી કોઈ જવાબ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

## મામલતદાર કચેરી ખેડબ્રહ્મા તાલુકાની મધ્યાહન ભોજન શાખામાં દલાલોનુ સામ્રાજય

ખેડબ્રહ્મા, તા. ૨૫

મામલતદાર કચેરી ખાતે આવેલી એમ.ડી.એમ શાખામાં ઘણા સમય દરમિયાન ગાન્ટ નથી હોતી ત્યારે સંચાલકો દ્વારા પોતાના ખર્ચે અમુક સમય યે ભોજન માટે અમુક વસ્તુઓ ખરીદવા મજબૂર બને છે. પોતાના બાળકોના પેટે પાટા બાંધી શાળા ના બાળકો માટે કામ કરે છે તેવા સંજોગોમાં ઓફીસમાં બેઠેલા દલાલો સંચાલકો પાસે એડવાન્સ કઢાવવાની લાલચ આપી પોતાના ખીસ્સા ભરતા હોવાની વિગતો બહાર આવી છે દલાલ પોતે સંચાલક છે

તેમની શાળામાં કામગીરી કોણકરે છે તે મોટો સવાલ છે આખો દિવસ સરકારી કાગળો તૈયાર કરી મફત મા સેવાઆપીરહ્યા છે હુકામો કરી.સેવા નામે મેવા ચરી ખાતા આવાદલાલોને દુર કરવા માં આવે તેવી માંગ સંચાલકો વતી ઉઠવા પામેલ હોય સરકાર શ્રીઆબતે તપાસ હાથ ધરી ઘટતુ કરી આપે તેવી માંગ કરાઈ છે.

## પ્રધાનમંડળમાં સાબરકાંઠાને પ્રતિનિધિત્વ મળશે ? ગત ટર્મ કરતા ભાજપે વધુ બેઠકો મેળવી છે

### પ્રધાનમંડળની રચના બાદ જિલ્લા ભાજપના સંગઠનમાં ફેરફાર થવાની શક્યતા

હિંમતનગર, તા. ૨૫

વિધાનસભાની ચૂંટણીમાં સાબરકાંઠાની ચાર બેઠકો પૈકી હિંમતનગર, ઈડર અને પ્રાંતિજ બેઠક ભાજપે કબ્જે કરી ગત ટર્મ કરતા વધુ સારો દેખાવ કર્યો છે. ત્યારે આ વખતે પ્રધાન મંડલમાં જિલ્લાઓને પ્રતિનિધિત્વ અપાશે ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લો પણ આવી જાય છે. જેથી આ પ્રધાન મંડળનાં શક્યતઃ હિંમતનગર તાલુકાને પ્રતિનિધિત્વ મળે તેવી શક્યતા નકારી શકાયી નથી. તે પાછળનું કારણ જે હોય તે પણ પ્રધાનમંડળમાં સાબરકાંઠાનો સમાવેશ થઈને જ રહેશે. જો કે નવી સરકાર રચાયા બાદ જિલ્લાના ભાજપના સંગઠનમાં ધરમૂળથી ફેરફાર થશે એવું ચર્ચાઈ રહ્યું છે.

પાટીદાર અનામત આંદોલનને લઈને પ્રદેશ ભાજપે તથા હાઈ કમાંડે ઉત્તર ગુજરાત પાસેથી વધુ પડતી આશા રાખવાનું છોડી દીધું હતું ત્યારે ખાસ કરીને સાબરકાંઠાની ચાર પૈકી ભાજપને એકાદ બેઠક મળે તેવી સંભાવના વિધાનસભાની ચૂંટણીના પરિણામ અગાઉ રખાઈ હતી. પરંતુ પરિણામ જાહેર થયું ત્યારે હિંમતનગર, ઈડર અને કોંગ્રેસનો ગઢ ગણાતી પ્રાંતિજ બેઠક ભાજપે જીતી લીધી છે. જોકે હિંમતનગર અને પ્રાંતિજ બેઠકમાં ભાજપના ઉમેદવારની સરસાઈ ખુબ જ ઓછી જરૂર છે. પરંતુ સામા વહેણમાં તરવા માટે તનતોડ મહેનત કરી હોવાનો કારણે મહદ્અંશે પરિણામ સંતોષકારક મળ્યું છે.

આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં સંગઠનના મોટા ભાગના હોદ્દેદારો અને પદાધિકારીઓએ ગમે તે કારણસર ભાજપના ઉમેદવારને જીતાડવા માટે જોઈએ તેવા પ્રયાસો કર્યા ન હોવાની છાપ મતદારોમાં ઉપસી હતી. જેની અસર પણ પરિણામ પરથી જણાઈ આવી છે. ત્યારે પ્રધાનમંડળની રચના બાદ જિલ્લા ભાજપના સંગઠનમાં ધરખમ ફેરફાર આવે તેવું લાગી રહ્યું છે. પ્રધાન મંડળમાં જિલ્લાના પ્રતિનિધિત્વની વાત કરીએ તો તેમાં હિંમતનગર બેઠક પરથી સતત ત્રણ વખત ભાજપનો ભગવો લહેરાવનાર રાજેન્દ્રસિંહ ચાવડાને પ્રધાન મંડળમાં સમાવેશ થાય તેમ જિલ્લાની પ્રજા ઈચ્છી રહી છે. જો કે હાઈકમાંડે કઈ બેઠકના ઉમેદવારને પસંદ કરે છે તે તો મંગળવારે ખબર પડી જશે. પરંતુ એટલું ચોક્કસ છે કે વર્ષોથી સાબરકાંઠાનું પ્રતિનિધિત્વ કરતા રમણલાલ વોરાની બેઠક બદલાતા અને તેઓ ચૂંટણી હારી ગયા છે ત્યારે હિંમતનગરને પ્રતિનિધિત્વ મળે તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. પ્રાંતિજ અને ઈડર બેઠક પરથી ચૂંટાયેલા સાવ નવા સવા વિજય ઉમેદવારને જો પ્રધાનમંડળમાં સ્થાન મળશે તો તેમના માટે આ સિદ્ધિ યાદગાર જ નહિ પણ તેમના જીવનની વિરલ સિદ્ધિ હશે.

## દલપુર પાટીયા પાસેથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકાના શામળાજી રોડ પર આવેલ દલપુર પાટીયા પાસેથી ગાંભોઈ પોલીસે રવિવારે વિદેશી દારૂની હેરાફેરી કરતા બાઈક સવારને ઝડપી લઈ તેમની પાસેથી રૂા. ૧૨ હજારની કિંમતની દારૂની ૨૪ બોટલ તથા બાઈક કબ્જે કર્યું હતું. ઉપરાંત પોલીસે આ વિસ્તારમાંથી દેશી દારૂ અને વોશ પણ કબ્જે લીધો હતો.

રવિવારે પોલીસને બાતમી મળતા તેમણે માથાસુલીયા પાસેથી પસાર થતા વાહનોનું ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન અહીથી પસાર થઈ રહેલી બાઈક સવાર શંકાસ્પદ જણાતા પોલીસે તેનો પીછો કરી દલપુર પાટીયા પાસેથી તેને પકડી લીધો હતો. તેની ઝડતી લેતા તેની પાસેથી રૂા. ૧૨ હજારની કિંમતની ૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે બાઈક અને દારૂના જથ્થા સહિત રૂા. ૩૨ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ લીધો હતો. ઉપરાંત ગાંભોઈ પોલીસે આ વિસ્તારમાંથી ૪૦ લીટર દેશી દારૂ અને ૨૦ લીટર વૉશ પકડી લઈ પ્રોહિબિશન અંતર્ગત આઠ કેસ કર્યા હતા.

## પ્રાંતિજ ખાતે જાયન્ટ્સ ગૃપના બે પ્રમુખોના શપથવિધિ સમારોહ યોજાયો

### પ્રાંતિજ તથા તાલુકામાંથી જાયન્ટસ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ચંદન ઈન હોટલ ખાતે જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ તથા પોંગલુ જાયન્ટસ ગુપના નવાવરાયેલા પ્રમુખો નો શપથવિધિ સમારોહ યોજાયો.

પ્રાંતિજ ખાતેને સોમવારના રોજ પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના નવા પ્રમુખોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં આવનાર મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જયારે જાયન્ટ્સ પ્રાર્થના બાદ આવનારા મહેમાનોનું ફુલ છડી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

શપથવિધિ સમારંભમાં જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના સભ્યોએ પણ શપથ લીધા હતાં જયારે જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના પ્રમુખ તરીકે નિખિલભાઈ સુખડીયા એ નવા પ્રમુખ તરીકે શપથ લીધાં હતાં તો પોંગલુ જાયન્ટસ ગુપના પ્રમુખ તરીકે મનુભાઈ રામચંદ્રાની એ શપથ લીધા હતાં. આ પ્રસંગે મહંત પૂજય સ્વામી ગોપાલદાસજી, મહંત સુનિલ દાસજી મહારાજ, જાન્યટસ મેન પ્રમુખ વજેશભાઈ ભાવસાર, પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જાયન્ટસ સ્થાપક ર્ડા.એન.કે.ડેરિયા, જાયન્ટસ પ્રમુખ મિતેશ ભાઈ પટેલ, સમીરભાઈ શર્મા વગેરે પ્રાંતિજ તથા તાલુકા માંથી આમંત્રિત મહેમાનો સહિત જાયન્ટ્સ સભ્યો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.



## આજથી હિંમતનગર સ્વામિનારાયણ મંદિરના ‘આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી’ કાર્યક્રમ યોજાશે

હિંમતનગરના કાંકણોલ સ્થિત બી.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આજથી મંદિરના ઉપક્રમે આજ આરે ઓરડે રે કાર્યક્રમનું પ્રારંભ થશે. જે અંતર્ગત સાત દિવસ સુધી સાધુ-મહંતો અને સંપ્રદાયના ભક્તોની ઉપસ્થિતિમાં વિવિધ ભરચક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેને સફળ બનાવવા માટે મંદિરના મહંત અને હરિભક્તો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સંતો દ્વારા પારાયણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાવ્યું છે. સંતપુરુષ દિન, ઉપાસના દિન, ગુણગ્રહણ દિન, તપ દિન, પ્રાપ્તિ દિન, અને મહિમા દિન ઉજવાશે. ઉપરાંત આગામી તા. ૧લી જાન્યુઆરીના રોજ સંપ દિન અને તા. ૨જી જાન્યુઆરીએ દિવ્યભાવ દિન ઉજવાશે. હિંમતનગરના બી.એ.પી. એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ઉજવનાર આ કાર્યક્રમને સફળ બનાવવા હરિભક્તો તથા સંતો દ્વારા જહેમત ઉઠાવાઈ રહી છે.



## શામળાજીના લૂસડિયા ગામે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા રામયજ્ઞ યોજાયો

અરવલ્લી જિલ્લાની ગિરિમાળાઓમાં આવેલા લૂસડિયા ગામે સોમવારે સુરમાલદાસજીના સમાધિ સ્થાને આવેલ રામજી મંદિરે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા રામયજ્ઞ યોજાયો હતો જેમાં આસપાસના આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વીએચપીના અગ્રણીઓ દ્વારા ખ્રિસ્તી મિશીનરીઓ પર આક્ષેપ કરી જણાવ્યું હતું કે પાદરીઓ દ્વારા આદિવાસી વિસ્તારની ભોળી પ્રજાને ખોટા પ્રલોભનો આપી ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે અને ખ્રિસ્તી ધર્મ લોકો અપનાવે તે માટે ષડયંત્ર ચાલવામાં આવે છે જેથી છેલ્લા કેટલાક વર્ષો થી આદિવાસી વિસ્તારમાં રામયજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

## શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક ટ્રક-કન્ટેનરમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૫

અરવલ્લી જિલ્લા ની શામળાજી પોલીસે રવિવારે સાંજના ૬ વાગ્યાના સુમારે અણસોલ ગામની સીમમાંથી ટ્રક-કન્ટેનર માં પ્લાસ્ટિક કાર્ટૂનની આડમાં સંતાડીને ગુજરાતમાં ઘૂસાડાતો ૯.૬૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ફરાર ટ્રક-કન્ટેનર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ગુજરાતમાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીમાં યુવાધન હિલોળે ચડે છે અને છાનાછૂપને એક જ દિવસમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગટગટાવી જતા હોય છે ત્યારે થર્ટી ફર્સ્ટ માં ગુજરાત માં વિદેશી દારૂની માંગને પહોંચી વળવા અને ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી નાણાં રળી લેવા નિતનવા નુસ્ખા અપનાવી રાજ્યમાં વિદેશીદારૂ ગેરકાયદેસર રીતે ઘુસાડવા સતત પ્રયત્નશીલ હોય છે.અરવલ્લી જિલ્લાની આંતર રાજ્ય સરહદ પરથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રાજ્યમાં ઘુસાડાતો અટકાવવા જિલ્લા પોલીસ તંત્ર સાબદું બન્યું છે.

શામળાજી પોલીસ અણસોલ ગામની સીમમાં રવિવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા ટ્રક-કન્ટેનરની શંકાસ્પદ ઝડપના પગલે અટકાવવા પ્રયત્ન કરતા ટ્રક-કન્ટેનર ચાલક કન્ટેનર રોડ બાજુ ઉભું રાખી ફરાર થઈ જતા પોલીસે ટ્રક-કન્ટેનર (ગાડી.નં - GJ-27-U-7799)માં ભરેલ પરચુરણ સરસામાન ભરેલી પ્લાસ્ટિકની થેલીઓના મોટા કાર્ટૂન હટાવતા અંદરથી ગેરકાયદેસર વગર પાસપરમીટ ની વિદેશી દારૂની પેટી નંગ-૧૬૦ જેમાં કુલ બોટલ નંગ-૧૯૨૦ જેની કિંમત રૂપિયા-૯,૬૦૦૦૦/- ઝડપી પાડી ટ્રક-કન્ટેનરની કીં. રૂ.૧૦,૦૦,૦૦૦/- મળી કુલ-૧૯,૬૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.







## પ્રાંતિજ ખાતે બ્રહ્મ ચોર્યાસી યોજાઈ

### બ્રહ્મ સમાજના ભાઇ-બહેનોએ બ્રહ્મ ભોજન લીધું : શાહ પરિવાર દ્વારા બ્રહ્મ ચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું : બ્રહ્મ ચોર્યાસી દાંતા પરિવારનું સન્માન બ્રહ્મ સમાજ દ્વારા કરવામાં આવ્યું

પ્રાંતિજ તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં સમગ્ર બ્રહ્મસમાજને બ્રહ્મ ચોર્યાસીના દાંતા દ્વારા બ્રહ્મ ભોજન કરાવવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે સુમનબેન પ્રફુલભાઈ શાંતિલાલ શાહ પરિવાર દ્વારા પ્રાંતિજ ના સમસ્ત બ્રહ્મસમાજના બ્રાહ્મણોનો બ્રહ્મ ચોર્યાસીનું આયોજન ત્રિવેદી મેવાડા બ્રાહ્મણસમાજની વાડી ખાતે બ્રહ્મસમાજના બ્રાહ્મણમાટે બ્રહ્મ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું તો સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ જિજ્ઞેશભાઈ જોષી, ઉપપ્રમુખ શંભુભાઈ રાવલ, મંત્રી હર્ષદભાઈ, પ્રકાશભાઈ, સુનિલભાઈ તથા કોષાધ્યક્શ પ્રયાગભાઈ સહિત હોદેદારો કારોબારી સભ્યો દ્વારા બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મચોર્યાસીના દાંતા સુમનબેન પ્રફુલભાઈ શાંતિલાલ શાહ પરિવારનું શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મધુભાઈ રાવલ, યોગેશભાઈ રાવલ, અરવિંદભાઈ રાવલ, કનકભાઈ વ્યાસ દ્વારા ઉપસ્થિત રહીને વ્યવસ્થામાં મદતરૂપ બન્યાં હતાં તો સુમનબેન પ્રફુલભાઈ પરિવાર દ્વારા સમગ્ર બ્રહ્મસમાજના બ્રાહ્મણોને બ્રહ્મ ભોજન કરાવી દક્ષીણા આપી ધન્યતા અનુભવી હતી.

